# જ્ઞાતિમૈયા

જ્ઞાતિનું એકમાત્ર અધિકૃત મુખપત્ર

SAMAST MAHAJAN MEDIA COMMITTEE

ઈ-મેગેઝીન • વર્ષ : ૩ • સળંગ અંક : ૧૮૦ • તા.૨૦ નવેમ્બર થી ૨૬ નવેમ્બર ૨૦૨૧

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**, Room No. 3, Ground Floor, Anantsidhi Jain Mandir, Opp. Badwaik Hospital, 107, L.B.S. Road, Bhandup (West), Mumbai - 78.




Diamond manufacturers,
Exporter's & Importer's
Exclusive designer jewellery
Dealing with EF - VVS quality
Own manufacturing unit in Mumbai & Chennai

GJF Life Member




# 128, Cathedral Road, No.2, 5 th Floor Crown Court Building, Chennai-600 086.

For Business Queries : 044-4314 1444 / 1555

www.shubhdiamonds.com

E.Mail: seema@shubhdiamonds.com

-: શુભેચ્છા સહ :-

માતુશ્રી સરલાબેન ગંગાજર મોમાયા પરિવાર

(ગામ - સાયરા)



જ્ઞાતિ શિરોમણી શેઠશ્રી નરશી નાથા


**-: સંપાદક ગણ :-**

નીશિથ આનંદ દંડ
જયંત વસનજી છેડા
રાજેન્દ્ર મણિલાલ ખોના
પ્રવીણ હંસરાજ લોડાયા
કીર્તિકુમાર ધનજી ધરમશી



**-: કાર્યાલય :-**

**પોસ્ટ/કુરીઅર પત્રવ્યહાર માટે સરનામું**

Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan

3, Anant Siddhi Building, Gr. Floor, LBS Marg, Bhandup (West), Mumbai - 400 078.

**જ્ઞાતિમૈયા હવે નેટ પર....**

http://www.kdosm.org

Email : gyatimaiya2018@gmail.com



**નોંધ :** આ પત્રમાં પ્રકાશિત તથા લેખકોનો સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ તેને લગતા લેખો કે કોઈ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે જ્ઞાતિમૈયા સમિતિની કોઈ જવાબદારી નથી.


## અમારી વાત... સંપાદક સ્થાનેથી

# સ્વભાવ બદલવું સરળ નથી

દરેક વ્યક્તિને પોતાનું બોલવું, ચાલવું, વ્યવહાર સાચો છે એવી સમજ હોય છે. આમ પોતાનો કક્કો સાચો છે એવી હઠ હોય છે. પોતાની વાત કોઈ ન ગણકારે ત્યારે તેનો અહંમ ઘવાય છે. મોટા ભાગના મનદુઃખો આવી જડ માન્યતાથી થતા હોય છે. મનના ઘાવ જલ્દીથી રૂઝાતા નથી. પોતાનું અપમાન થયું, એવો ભાવ સ્વમાન દણાયું છે એવો અસંતોષ આપે છે. પોતાનું અપમાન, અવહેલના વ્યક્તિ સહન કરી શકતો નથી. એ ભાવ ના ઘાવ મન પર જલ્દી રૂઝાતા નથી. મન પર લાગેલા આ ઘાવ સ્વભાવને બેચેન કરે છે. દિવસ રાત અંજપો જગાવે છે. આ વાતથી અટંસ પેદા થાય છે. વ્યક્તિ વ્યક્તિ વચ્ચે વેર ભાવ જાગે છે જેનો સરળ અને સહેલાઈથી અંત આવતો નથી. સમયની સરવાણીથી એના મૂળીયા વધુને વધુ ઊંડા ખૂંપતા જઈ જીવનને દોહલું કરે છે.

બે વચ્ચેના નિષ્ક્રીય સંબંધ પર અન્યો ચર્ચા કરે છે. તો કોઈ વચ્ચે પડી પડેલ ખાઈ પૂરવા મથે છે. સતત થતા પ્રયાસ અને સમાજની દ્રષ્ટિ કેળવાથી જ સંબંધો સરળ થઈ શકે છે. આમાં બન્ને પક્ષની જવાબદારી છે. એક બીજાના ત્રુટીઓ, નબળાઈઓ પર નજર નાંખી કંઈક અંશે સુધારો કરવાનો પ્રયાસ આદરે તો ભવિષ્યમાં એનો સારો પરિણામ મળી શકે છે.

કોઈપણ સમસ્યા, પ્રશ્ન ઊભો થાય તો આપણી આજુબાજુના લોકો જાત જાતની સલાહ આપવા તત્પર રહે છે. સલાહ આપવી સહેલી છે પણ એ લેવી, સ્વીકારવી સરળ નથી. સ્વ સ્વાર્થ વગરની સલાહ સામે વાળા પર અસર કરે છે. બાકી સારા માણસને બધા સારા લાગે છે. ખરાબ વ્યક્તિને બધા ખરાબ. આમ સામેવાળાને જોવું આપણાં વિચારોનું પ્રતિબિંબ હોય છે. સ્વભાવ બદલવું એટલે કૂતરાની પૂંછડીને સીધી કરવી. સમય જશે, પણ સ્વભાવ, ખાસિયત ન બદલાશે.

વ્યક્તિ પોતાના સ્વપ્નો અને કલ્પનાઓમાં રાચતો રહે છે. જ્યારે સમર્થ સશક્ત માનવીઓ હકીકતની દુનિયામાં જીવે છે, જ્યારે અસમર્થ વ્યક્તિને આભાસી જગત ગમે છે. હકીકતમાં જે થઈ શકતું નથી, જે થઈ શકવા સમર્થ નથી એ માટે કલ્પનાના સ્વર્ગમાં રાચવું સરળ છે. પણ આ અધૂરપ અને એક જાતની નબળાઈ છે. જેને સમર્થ વ્યક્તિએ સુધારવી જોઈએ.

દરેક જણની માન્યતા હોય છે કે પોતે જે કહે છે, કરે છે એ જ સાચું છે. આમ પોતાનો હક્કો સાચો ઠેરવવા અનેક પ્રકારના પેંતરા રચતો હોય છે. મોટા ભાગના મન દુઃખ આ જીદ અને જક ભર્યા વ્યવહારમાંથી સર્જાય છે. સામે વાળો એ કહેલા કઠોર શબ્દ આપણા દિલને વીંધી નાંખે છે. જેના ઘાવ જલ્દી રૂઝાતા નથી. પોતાનું અપમાન અને અવહેલના માણસ સહન કરતો નથી અને એને સરળ રીતે વિસરી શકતો નથી. તે વાતનો જેમ બને તેમ જલ્દી બદલો વાળી દે એ માટે તત્પર રહે છે. આવી જડ સમજથી નકામી વાતોથી પૂર્વગ્રહના જાળા ગૂંથાઈ જાય છે અને વખત જતાં વેર ભાવ વધુને વધુ ઊંડું ઉતરી સમય જતાં જમીનમાં જડ સોંત થઈ જાય છે.

સ્વભાવ એ માનવીનો અરીસો છે. જે જેટલો સાફ, સૂથરો હશે એટલો સીધો પ્રતિબિંબ સામેવાળા પર પડશે. સરળ થઈએ, સરળ રહીએ એજ સારા જીવનનો સાર છે.

– જય જ્ઞાતિમૈયા

# ખુશીઓની ખોજમાં




નીશિથ દંડ (સેક્રેટરી જનરલ)

જીવનની દરેક પળોમાં ખુશી શોધીને તેને માણવી જોઈએ. ઈશ્વરે શું નથી આપ્યું તે કરતાં શું આપ્યું છે તે જોવું જોઈએ. બીજાઓને શું મળ્યું છે તે જોવા કરતાં આપણે શું પ્રાપ્ત કર્યું તેની મહત્તા રાખવી જોઈએ. મળી ગયેલ ખુશીને જાણીને તેને પ્રેમપૂર્વક માણવી જોઈએ. અન્યોની સુખ-સુવિધાથી દુ:ખી થવા કરતાં પોતાના જીવનમાં કેવી રીતે ખુશીઓ મળે તે વિચારો કરવા જોઈએ, તેને એ રીતે માણવા જોઈએ.

ખુશીની મોજનો આનંદ અનેરો હોય છે. ધન એ જીવન ચલાવવા માટે જરૂરી છે. ખુશીઓનો કોઈ મોલ નથી હોતો. કઠોર પરિશ્રમ કરી, રાત-દિવસની મહેનત, કળકળતી ઠંડી, ધગધગતો તાપ અને બે સુમાર વરસાદની માર ઝેલીને ખેડૂત જ્યારે લહેરાતા પાક ભરેલા લીલાછમ ખેતર જોઈ ખુશ થાય છે તેનો સુખ અને સંતોષ અવર્ણનીય હોય છે. તેના સીમાડા નથી હોતા. એવો આનંદ અને તેની મોજીલી પળો માણવાની તક દરેકએ શોધવી જોઈએ અને જીવનમાં કમાવવી જોઈએ. જ્યારે એવી પળો જડી જાય ત્યારે તેને સાચવી રાખવી જોઈએ. જે અનેરો આનંદનો સાગર સમાન બની જાય છે.

નાની નાની વાતો આવી ખુશીઓને તાણી લાવે છે. ખરી રીતે તો નાની વાતોમાંથી જ ખુશીઓ શોધવી જોઈએ કેમકે જીવન દરમ્યાન ફક્ત એવા જૂજ પ્રસંગ ઊભા થાય છે જેમાં આપણને મોટી ખુશી મળે છે. આજના તણાવ ભર્યા જીવનમાં નિરાંતની પળો અને ખુશીઓની લહેર નસીબથી જ મળે છે. બીજાની ખુશીઓથી દુ:ખી થનાર આપણે જીવનમાં ક્યારે પણ ખુશીઓને સહેલાઈથી પ્રાપ્ત કરી નથી શકતા.

## બેંક અકાઉન્ટની વિગત

### For NEFT Transfer

| | |
|---|---|
| Type of Account | :Saving |
| Account Number | : 002001005497 |
| Name of the Bank | :Shri Arihant Co-op. Bank Ltd. |
| Branch | :Mulund (West), Mumbai - 400 080. |
| Name Account | :Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan |

For Mobile App Transfer

Our IFSC Code :ICIC00ARIHT

**પૈસા મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.**

Draw your cheque in the name of **'Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan'** (and payable at par at Mumbai)

**ચેકથી જાહેરાત ભરનારાઓને ચેક 'Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan' ના નામથી મોકલવો. ચેક at par મુંબઈ હોવા જોઈએ.**

# સાંધવ તીર્થે અમી ઝરણાં




કચ્છ પ્રદેશના અબડાસા પ્રાંતના સાંધવ તીર્થમાં આ વર્ષે બહુ સારી રીતે પર્યુષણ પર્વની ધર્મ આરાધના થઈ હતી અને તે કારતકી સુદ પુનમ સુધી અનેકવિધ તપ, જપથી સંઘ ધર્મ આરાધના કરી રહ્યું હતું.

આ દરમ્યાન સોમવાર, તા.૧૫ નવેમ્બર ૨૦૨૧ના રોજ એક ચમત્કારીક દ્રશ્ય જોવામાં આવ્યું જે ક્યારેક જ જોવા મળે છે કહેવાય છે કે જ્યારે તીર્થંકર ભગવંતો અતિ આનંદની લાગણી સંઘ પ્રત્યે અનુભવે છે ત્યારે તેમનામાં અમી ઝરણાં થાય છે. સાંધવ તીર્થે શ્રી શાંતિનાથ દાદા, ધર્મનાથ દાદા અને મહાવીર સ્વામીના ચક્ષુમાંથી અમી ઝરણાં થતા દેખાયા ત્યારે હાજર રહેલા એક ભાવિકે એની વિડીયો ક્લીપ પણ ઉતારી જે આ સાથે આપ જોઈ શકો છો. આ ખુશીની લહેર પુરા સાંધવ ગામમાં ફરી વળી અને ગામમાં હાજર રહેલા સર્વ જ્ઞાતિજનોએ આ અમિ ઝરણાંના દર્શન કર્યા અને પોતે ધન્ય થયાની લાગણી અનુભવી હતી.

**વિડીયો જોવા માટે અહીં ક્લીક કરો**

આ સમાચાર દેશ દેશાવરમાં વાયુ વેગે પ્રસરી ગયો અને જે વિડીયો લાખો ભાવિકોએ નીહાળ્યો છે. ગામવાસીઓએ ઉમંગ સાથે આ પ્રસંગને માણ્યો હતો.

## ભાંડુપ સંઘમાં ચાતુર્માસ પૂર્ણાહુતિ નિમિત્તે ગુરૂ ઋણ સ્વીકાર મહોત્સવ થયો

તા.૧૪ નવેમ્બર રવિવારના સવારે ૯ કલાકે ભાંડુપના મેવાડ ભવન હોલમાં ચાતુર્માસીય ગુરૂદેવ પ.પૂ.શ્રી ઉદયરત્નસાગરજી મ.સા.ની નિશ્રામાં યુવામુનિ પ.પૂ.શ્રી ગુણવલ્લભસાગરજી મ.સા.ના સાંનિધ્યમાં ભાંડુપ સંઘમાં ત્રિદિવસીય ગુરૂ ઋણ સ્વીકાર મહોત્સવ ભવ્યતાથી થયો. ૪.૧૪ કલાકનો સદર કાર્યક્રમનો વીડિયો યુટ્યૂબ લિન્ક https://youtu.be/zC9KKKroShg ઉપર ક્લિક કરી જોઈ માણી શકાશે.

## ભાંડુપ સંઘના ઉપાશ્રયમાં શ્રી ૨૪ તીર્થંકર ઋષિમંડળ મહાપૂજન કરાયું

તા.૧૫ નવેમ્બર સોમવારના ભાંડુપ સંઘમાં ચાતુર્માસીય ગુરૂદેવ પ.પૂ.શ્રી ઉદયરત્નસાગરજી મ.સા.ની શુભનિશ્રામાં, યુવા મુનિ પ.પૂ.શ્રી ગુણવલ્લભસાગરજી મ.સા.ના સાંનિધ્યમાં ત્રિદિવસીય ગુરૂ ઋણ સ્વીકારો મહોત્સવના અવસરે સવારે ૯ કલાકે ઉપાશ્રયમાં શ્રી ૨૪ તીર્થંકર ઋષિમંડળ મહાપૂજન ભવ્ય ધર્મ આરાધના થઈ.

૩.૪૭ કલાકનો આ ધર્મ કાર્યક્રમનો વિડીયો યુટ્યૂબ લિન્ક https://youtu.be/AIS296xaHd8 ઉપર જોઈ માણી શકાશે.

## શ્રી ક.દ.ઓ.જૈન સંઘ ભાંડુપમાં દીક્ષાર્થી મુમુક્ષોના બહુમાન કરાયા





શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન સંઘ ભાંડુપમાં ગુરૂદેવ પ.પૂ.શ્રી ઉદયરત્નસાગરજી મ.સા. આદિ ઠાણા ૨ની પાવન સભર નિશ્રામાં દીક્ષાર્થી મુમુક્ષુઓનું ભવ્ય રીતે બહુમાન કરાયું

## ગુરૂ ઋણ સ્વીકાર મહોત્સવમાં પ્રસ્તુત 'હું જાગું એટલી જ વાર છે' અઢાર પાપ સ્થાનક નાટકનો અલભ્ય લાભ માણો

જે પાપ સ્થાનકોથી આપણે ભવોભવથી જોડાયા છીએ. જે ૧૮ પાપ સ્થાનકોથી આપણો આત્મા ભવોભવથી મલિન થતો રહે છે. આ ૧૮ પાપ સ્તાનકોને સમજવા અને એનાથી બચવા માટે જિનશાસન શું જણાવે છે. એ વિષય પર ગુરૂદેવ પ.પૂ.શ્રી ઉદયરત્નસાગરજી મ.સા. તથા યુવા મુનિ પ.પૂ.શ્રી ગુણવલ્લભસાગરજી મ.સા.ના પાવન સભર નિશ્રામાં મુલુંડ અચલગચ્છ જૈન સંઘના ૬૦ યુવા રત્નો દ્વારા પ્રસ્તુત નાટિકા તા.૧૪ નવેમ્બર રવિવાર સાંજે ૭.૩૦ કલાકે આદિનાથ જૈન મંદિર, ફૂકરેજા કોમ્પલેક્ષની સામે એલ.બી.એસ.રોડ, ભાંડુપમાં રજૂ કરાઈ.

૨.૩૩ કલાકનું આ નાટક અજ્ઞાનના પડદા હટાવી જે સૂતેલા છે તેને જગાવી દે છે, જાગેલા છે તે ચેતી જાય છે અને ચેતેલા પામી જાય છે. સંઘના યુવા અદાકારોના અદ્‌ભૂત અભિનયથી આ ભૂષિત નાટક વીડિયો યુટ્યૂબ લિન્ક https://youtu.be/zR3tey71bio ઉપર જોઈ માણી શકાશે.

# ડોંબિવલી સંઘમાં કલ્યાણ મંદિર સ્તોત્ર પૂજન સંપન્ન થયુ







શ્રી અચલગચ્છ જૈન સંઘ ડોંબિવલીના આંગણે પ.પૂ.સાધ્વીશ્રી પુણ્યોદયશ્રીજી મ.સા.ની ૨૧મી પુણ્યતિથિ નિમિત્તે કલ્યાણ મંદિર સ્તોત્ર પૂજન પ.પૂ. સાધ્વીશ્રી વિપુલગુણાશ્રીજી મ.સા.ની પાવનકારી નિશ્રામાં શ્રેણિકભાઈ ગાલાના સથવારે ખૂબ આનંદપૂર્વક ભણાવવામાં આવેલ. સંઘના શ્રાવક શ્રાવિકાઓ બહુ સંખ્યામાં ઉપસ્થિત રહી ધર્મ લાભ લઈ ધન્ય થયાં હતા.

# શ્રી મુલુંડ અચલગચ્છ જૈન સમાજ સંઘમાં શ્રી વર્ધમાન શક્રસ્તવ અભિષેક કરાયા





તા.૧૬ નવેમ્બર મંગળવારના દિને શ્રી મુલુંડ શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘ-શ્રી મુલુંડ અચલગચ્છ જૈન સમાજ સંઘ-વાસુપૂજ્ય જિનાલય ઝવેર રોડ, મુલુંડ મધ્યે પ.પૂ.સાધ્વીશ્રી કલ્પપ્રિયાશ્રીજી મ.સા. અને પ.પૂ.સાધ્વીશ્રી યોગરૂચિતાશ્રીજી મ.સા.ની પાવન સભર નિશ્રામાં શ્રી વાસુપૂજ્ય દાદાની પ્રતિમા પર શ્રી વર્ધમાન શક્રસ્તવ અભિષેક ભાવપૂર્વક કરાયા. સંઘના બહોળી સંખ્યામાં શ્રાવક શ્રાવિકાઓ અનેરા ભાવ સાથે ધર્મ આરાધનામાં જોડાઈ લાભ લીધો હતો.

# શ્રી રાજસ્થાન અચલગચ્છ જૈન સંઘ મુંબઈનો દીપાવલી સ્નેહ સંમેલન સંપન્ન

શ્રી રાજસ્થાન અચલગચ્છ જૈન સંઘ મુંબઈનો દિવાળી સ્નેહ સંમેલન અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મ.સા., પ્રશસભરસનિધિ પ.પૂ.આ.ભ.શ્રી મહોદયસાગરસૂરીશ્વરજી મ.સા., એવં પ્રવચન પ્રભાવક પ.પૂ.મુનિરાજ શ્રી કમલપ્રભસાગરજી મ.સા. આદિ ઠાણાના સાંનિધ્યમાં રવિવાર તા.૧૪ નવેમ્બરના રોજ સંઘવી ગેલેક્સી ટાવર, ખેતવાડી ૧૦મી ગલ્લી, બીજે માળે ઉત્સાહપૂર્વક માહોલમાં સંપન્ન થયો.

ચેતના મેન્શનથી પૂજ્ય ગુરૂદેવનું સ્વાગત વાજતે ગાજતે કરાયું. ખેતવાડીના મુખ્ય માર્ગોથી પસાર થઈ સંઘવી ગેલેક્સીમાં આવતા હર્ષોલ્લાસથી ગુરૂદેવના વધામણાં કરાયા અને ધર્મ સભામાં પરિવર્તીત થયું. કાર્યક્રમને સફળ બનાવવા માટે શ્રી રાજસ્થાન અચલગચ્છ જૈન સંઘ મુંબઈના પદાધિકારી, કમિટી મેમ્બર, સંરક્ષક અને સલાહકાર ગણ સૌએ અથાક પ્રયાસ કર્યા હતા. સ્વામી વાત્સલ્યના લાભાર્થી બાબુલાજી ગુણેશમલજી કટારિયા સંઘવી-ઘુમ્બડિયા મુંબઈ હતા. કાર્યક્રમમાં સંઘ સમાજના સૌ બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહી કાર્યક્રમને સફળતા આપી એ બદલ અનુમોદના કરાઈ હતી.

કાર્યક્રમમાં મુંબઈ ભાજપા અધ્યક્ષ મંગલ પ્રભાત લોઢા વિશેષ ઉપસ્થિત રહ્યાં હતાં. તેઓનું સંઘવતી બહુમાન કરાયું હતું. અખિલ ભારત અચલગચ્છ શ્વેતાંબર જૈન સંઘ અધ્યક્ષ રતનલાલ વડેરા, ઉપપ્રમુખ ચમન લાલમુથા, પૂર્વ અધ્યક્ષ મંગલ શેઠ, વિરાટ શાહ, ભૈરવ ભક્ત દંતાણી મહાતીર્થ ટ્રસ્ટી અમૃતલાલ જી.સંઘવી, અમદાવાદ રાજસ્થાન અચલગચ્છ સંઘ અધ્યક્ષ પ્રકાશ સિંઘવી, ચંદન કટારીયા, સિંઘવી, કામાઠી પુડા જૈન સંઘ અધ્યક્ષ સોહનરાજ વાણીગોતા, દંતાણી તીર્થ અધ્યક્ષ મોહનલાલ સિંઘવી, ધર્મરક્ષક સંઘ અધ્યક્ષ દેવરાજ, મરૂધર તહેલકાના સંપાદક જગદીશ જૈન, વિક્રમ સુરાણા, સાવલા રામ પ્રજાપત, મલબાર હિલ મહિલા મોર્ચા ભાજપ અધ્યક્ષા લીના શર્મા પ્રવાસી સંદેશના પત્રકાર સુરેશ ભણસાલી ઉપસ્થિત રહ્યાં હતા.

કાર્યક્રમનું સંચાલન સંગીતમય રીતે સંગીતકાર અનિલ સાલેચાએ પોતાની સંગીત કલાથી સૌને મંત્રમુગ્ધ કરીને કર્યું હતું. આ આયોજનને સફળ બનાવવા માટે અને સંપૂર્ણ કાર્યક્રમનું સફળ સંચાલન સંઘના મહામંત્રી ગૌતમ સિંઘવીએ પોતાની કલા કૌશલ પ્રભાવની બખૂબીથી કર્યું હતું. શ્રી રાજસ્થાન અચલગચ્છ જૈન સંઘના અધ્યક્ષ અને કાર્યક્રમના લાભાર્થી ધુમડિયા નિવાસી અભિ બાબુલાલજી ગુણેશમલજી સિંઘવી કટારીયાએ સૌને અભિનંદન આપી આભાર વ્યક્ત કર્યો હતો.

# ગોરેગામ સંઘમાં શ્રી મહાકાળી માતાની ભક્તિ ભાવના ભણાવાઈ





તા.૧૪ નવેમ્બર રવિવારના દિને ગોરેગામ સંઘમાં પ.પૂ.સાધ્વીશ્રી કીર્તિગુણાશ્રીજી મ.સા.ની નિશ્રામાં શ્રી અચલગચ્છાધિષ્ઠિકા શ્રી મહાકાળી માતાની ભાવનાનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. ભક્તિ ભાવના ભણાવવા શ્રી અનંત મિત્ર મંડળ ભાંડુપ પધારેલ. અદ્‌ભૂત ધર્મમય માહોલથી સંઘના શ્રાવક શ્રાવિકાઓ જોડાયા હતા અને લાભ લીધો હતો.

# મુલુંડ અચલગચ્છ જૈન સંઘમાં ત્રિહાન્હિકા મહોત્સવ પ્રસંગે સંયમ વંદનાવલી સહ અષ્ટપ્રકારી પૂજા થઈ





તા.૧૪ નવેમ્બર રવિવારના રોજ શ્રી મુલુંડ અચલગચ્છ જૈન સમાજમાં પ.પૂ. સાધ્વીશ્રી યોગ રૂચિતાશ્રીજી મ.સા.ની ભાવ નિશ્રામાં ચાતુર્માસ પુર્ણાહૂતિ નિમિત્તે ત્રિહાન્હિકા મહોત્સવના પ્રથમ દિવસે સંયમ વંદનાવલી, અષ્ટપ્રકારી પૂજા રહસ્ય વિરલભાઈ છેડા સાથી કલાકારોના સંગીતના સથવારે યોજાયા. પાંચ પાંચ દિક્ષાર્થી મુમુક્ષુઓનું ભાવપૂર્વક બહુમાન કરાયું.





# ભાંડુપ સંઘમાં કાર્તિકી પૂનમને શંત્રુજય પટ્ટ સમક્ષ ૧૦૮ ખમાસણા કરાયા

તા.૧૮ નવેમ્બર ગુરૂવારના રોજ પરમ ઉપકારી પ.પૂ.ગુરૂદેવશ્રી ઉદયરત્નસાગરજી મ.સા. એવં ઓજસ્વી પ્રવચનકાર યુવા મુનિરાજ પ.પૂ.શ્રી ગુણવલ્લભસાગરજી મ.સા.ની પાવન નિશ્રામાં સવારે ૫.૫૪ કલાકે શ્રી શંત્રુજ્ય પટ્ટ સમક્ષ ૧૦૮ ખમાસણા કરાયા.

સવારે ૭.૪૫ થી ઉવસગહરં સ્તોત્ર ગુરૂવર્ય મુખથી થયા. ત્યારબાદ સકળ સંઘ માટે નવકારશી રખાઈ. લબ્ધિ કળશના લાભાર્થી માતુશ્રી તારાબેન હીરાચંદ વશનજી નાગડા પરિવાર સવારે ૯ થી ૧૨.૩૦ પર્યંત ભવ્યાતિ ભવ્ય સિધ્ધાચલ ભાવયાત્રા દ્વારા ધર્મ આરાધના થઈ. પંક્તિ વર્ય વિશાલભાઈ ધરમશી દ્વારા સુંદર વિવેચન અને સંગીતકારોની તીર્થ ભક્તિ થઈ બપોરની સાધર્મિક ભક્તિ માતુશ્રી રતનબેન હીરાલાલ પદમશી લોડાયા તરફથી હતી.

૨.૧૦ કલાકનો વીડિયો યુટ્યૂબ લિન્ક https://youtu.be/VZ6ZAfAfjol પર જોઈ માણી લાભ લઈ શકશે. જ્યારે સિધ્ધાચલ ભાવયાત્રાનો ૩.૨૨ કલાકનો વીડિયો યુટ્યૂબ લિન્ક https://youtu.be/cY5gZxUUUQ0 પરથી માણી શકાશે.

# અનંત છાયા ઘાટકોપરના શ્રી અનંતનાથ જિનાલયે અઢાર અભિષેક મહાપૂજન થયા

શ્રી અનંત છાયા ઘાટકોપરના શ્રી અનંતનાથ જિનાલયના આંગણે શ્રી અનંત સમર્પણ ટ્રસ્ટ આયોજિત શ્રી અઢાર અભિષેક મહાપૂજન વિધિકાર નિખિલ હરિયા બાડાના સંગાથે અદ્ભૂત ધર્મમય માહોલમાં સાનંદ સંપન્ન થયા.

# કાન્તિલાલ વી. શાહ (લોડાયા)ની એફપીએ ઈન્ડિયા, હૈદરાબાદના અધ્યક્ષપદે વરણી






જાણીતા માનવતાવાદી, સમાજસેવક અને લાયન્સ ક્લબ ઈન્ટરનેશનલના વરિષ્ઠ સભ્ય કાન્તિલાલ વીરપાર શાહ (લોડાયા), ગામ-બાંઢિયા, હાલ-હૈદરાબાદની ફેમિલી પ્લાનિંગ એસોસિએશન ઓફ ઈન્ડિયા, હૈદરાબાદના અધ્યક્ષપદે ત્રણ વર્ષ માટે એકમતે વરણી થઇ છે.

ફેમિલી પ્લાનિંગ એસોસિએશન ઓફ ઈન્ડિયા એ એક સામાજિક રીતે અસરકારક સંસ્થા છે જે ભારતના ૧૮ રાજ્યોમાં જાતીય અને પ્રજનન સ્વાસ્થ્ય અંગે જરૂરી સેવાઓ ઉપર લક્ષ્ય કેન્દ્રિત કરે છે.

૧૯૪૭માં જયારે ભારત સ્વતંત્ર થયું ત્યારે પરિણીત દંપત્તિઓ (કપલ્સ)ની ફળદ્રૂપતા ખૂબ ઊંચી હતી. પ્રત્યેક દંપત્તિને સરેરાશ ૬ બાળકો હતાં અને સરેરાશ આયુષ્ય ઓછું હતું. આ બાબતે ચિંતિત ભારતીય નાગરિકોના એક ગ્રુપએ આ સમસ્યા ઉપર ધ્યાન કેન્દ્રિત કરવાનું નક્કી કર્યું. એના પરિણામરૂપે ૧૯૪૯માં ફેમિલી પ્લાનિંગ એસોસિએશન ઓફ ઈન્ડિયા(એફપીએ ઇન્ડિયા)ની સ્થાપના થઇ. આમ ભારત વિશ્વમાં ફેમિલી પ્લાનિંગ (કુટુંબ નિયોજન)નો કાર્યક્રમ ધરાવતું પ્રથમ રાષ્ટ્ર બન્યું. હાલમાં એફપીએ ઇન્ડિયાએ એક પ્રીમિયર સામાજિક સંસ્થા છે જે દેશભરમાં ૧૮ રાજ્યો અને કેન્દ્ર શાસિત પ્રદેશોમાં જ્યાં વિકાસના ચાવીરૂપ સૂચકો (Key Indicators) ખૂબ નબળા છે અને પુરુષ-સ્ત્રી વચ્ચેની અસમાનતાનું પ્રમાણ ખૂબ ઊંચું છે ત્યાં જાતીય અને પ્રજનન સ્વાસ્થ્ય ઉપર લક્ષ કેન્દ્રિત કરે છે.

એફપીએ ઇંડિયા એ કોર્પોરેટ કંપનીઓ, બિઝનેસો અને દાતાઓના સહયોગથી સ્વાસ્થ્ય સંબંધી સેવાઓ અને માહિતી આપવાનું, તેની ક્ષમતા વધારવાનું અને સમાજના વિકાસ અને કલ્યાણ માટે કાર્ય કરે છે.

એફપીએ ઇન્ડિયા સાઉથ એશિયા યુથ રિજિયોનલ નેટવર્ક (SARYN) ઉપર પણ પ્રતિનિધિત્વ ધરાવે છે.

## ગુરૂદેવ પ.પૂ.શ્રી ઉદયરત્નસાગરજી મ.સા.ના વિશેષ વ્યાખ્યાનની વીડિયો લીંક

તા.૧૬ નવેમ્બર મંગળવાર સવારના ૭.૪૫ થી ૮.૪૫ સુધી ભાંડુપ સંઘમાં ગુરૂદેવ પ.પૂ.શ્રી ઉદયરત્નસાગરજી મ.સા.નું વિશેષ પ્રવચન વ્યાખ્યાન થયું. ૧.૧૯ કલાકનું અદ્ભૂત જ્ઞાન સભર વ્યાખ્યાન વીડિયો લિન્ક https://youtu.be/y3TF9rVGgpo પર માણી શકાશે આનો લાભ સૌએ અવશ્ય લેવો જોઈએ અને સ્નેહીજનોને મોકલી સંભળાવવો જોઈએ.

યુવા મુનિશ્રી ગુણવલ્લભસાગરજી મ.સા. સાથે જ્ઞાન વિથ ગુરૂદેવ શિર્ષક અંતર્ગત પ્રશ્નોત્તરીના જવાબ માણવા માટે ૧૦.૧૯ મિનિટનો વિડીયો યુટ્યૂબ લીંક https://youtu.be/RY_qW-j9j4c પર જોઈ માણી શકાશે.

## માટુંગામાં અચલગચ્છાધિપતિ મ.સા.ના હસ્તે મુહપતિને કેસર છાંટણા કરાયા

તા.૧૩ નવેમ્બર શનિવારે માટુંગા સંઘમાં અચલગચ્છાધિપતિ પ.પૂ. આ.ભ.શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મ.સા.ની પાવન નિશ્રામાં ૩ મુનિવરોની ગણી પદવી અને ૪ મુમુક્ષુઓની દિક્ષા ગોરેગામ સંઘમાં થનાર છે. તેમની મુહપતિને કેસર છાંટણા અનન્ય ભાવથી કરાયા.



## પારોલા નગર તીર્થે ૪૫ આગમની વ્યારા પૂજન સહ સ્થાપના કરવામાં આવી











મહારાષ્ટ્ર રાજ્યના ખાનદેશ પ્રદેશ વિસ્તારના પારોલા તીર્થ મધ્યે પ.પૂ.સાધ્વીશ્રી સંયમગુણાશ્રીજી મ.સા.ની પાવનકારી નિશ્રામાં આગમ મંદિર તૈયાર કરવામાં આવ્યું છે. તેમાં તા.૧૪ નવેમ્બર રવિવારના હસ્ત લિખિત તાડપત્રમાં ૪૫ આગમ કરવામાં આવ્યા છે. એ ૪૫ આગમની દાતા પરિવાર દ્વારા વ્યારા પૂજન સહ સ્થાપન કરવામાં આવ્યા. અઢળક ભાવથી સર્વે ધર્મ આરાધનાઓ થઈ જેમાં સંઘના ભાવિકો જોડાઈ લાભ પુણ્ય પામ્યાં હતાં.





Samast Mahajan, Sanjivani Initiative

# CASE No.: 56

# DONATION NEEDED!

## SMT. NAINA T. SHAH (DAND)

Age:55, Dhrafa, Mulund

Admitted for diabetes with uncontrolled sugars, urine infection and acute kidney injury.



KDO SANJIVANI

## DONATION REQUIRED Rs. 1.10 Lakh

**Bank Details:**
**Name:** Shri Samasta Kutchi Dasa Oswal jain Mahajan
**Bank :** Bank of Baroda    **Branch :** Mulund (West)
**A/c.:** 99630100021765
**IFSC:** BARB0DBMULW    **MICR :** 400012272

Shri Samast KDO Jain Mahajan
Medical Committee

80G Registration number
AANTS1160JF20212

**Avail tax benefit under section 80G.**

*Submit Aadhar & Pan card Copy.

In case of Mobile/NEFT Transfer, kindly forward transfer details on 75060 70851

# ભુજોડી નગરના વર્ધમાન નગર સંઘમાં દીક્ષાર્થી મુમુક્ષુ અજેશભાઈ મુનવરનો ઠાઠ માઠ સાથે વરસીદાનનો વરઘોડો નિકળ્યો





ભુજ પરિસરના ભુજોડી નગરના વર્ધમાન નગર સંઘમાં મુમુક્ષુ અજેશભાઈનો ઠાઠ માઠ સાથે વરસીદાનનો વરઘોડો નીકળ્યો. વિમલનાથ દાદાના પરમ સાંનિધ્યમાં અજોડ શાસન પ્રભાવક ૨૧મા વર્ષીતપના તપોનિધિ, સૂરિમંત્ર પંચપ્રસ્થાન સાધક પ.પૂ. આ.ભ.શ્રી કવીન્દ્રસાગરસૂરીશ્વરજી મ.સા.ના શુભાશીર્વાદથી દીક્ષાર્થી મુમુક્ષુ અજેશભાઈ પ્રબોધ મુનવરનો ભવ્યાતિભવ્ય વરસીદાનનો વરઘોડો સંપન્ન થયો. સાહેબજીએ સમાજનોને કલ્યાણકારી હિતોપદેશ આપી ધન્ય કર્યા હતા.



માદરે વતન કોઠારાના હાલે ભુજના અને માનવજ્યોત નામક સેવા સંસ્થાના પ્રમુખ તથા શ્રી સમસ્ત કચ્છી દશા ઓસવાલ જૈન મહાજનના ટ્રસ્ટી શ્રી પ્રબોધ હીરાચંદ મુનવરના પુત્ર અજેશભાઈ સંસાર ત્યાગ કરી સંયમ પંથે દીક્ષા લઈ રહ્યાં છે. પ્રબોધભાઈ મુનવર માનવસેવાના જ નહીં પણ જીવ માત્રની સેવાના અનેકવિધ પ્રકલ્પો સાથે દાયકાઓથી સંનિષ્ઠપણે સંકળાયેલા છે.

# માંડવીના શિવમસ્તુ તીર્થે સિધ્ધાચલ મહાતીર્થ ખમાસમણા પટદર્શન ભાવયાત્રા આરાધના કરાઈ





કચ્છના બંદરીય શહેર માંડવી પરિસરના શિવમસ્તુ તીર્થમાં કાર્તિક પૂનમ પર્વ દિને સિધ્ધાચલ મહાતીર્થ ખમાસણા પટદર્શન ભાવયાત્રા આરાધના અદ્‌ભૂત ભાવ સાથે થઈ. પ.પૂ.શ્રી પૂર્ણભદ્ર ગુરૂદેવ મ.સા. અને પ.પૂ.સાધ્વીશ્રી મૈત્રી મહારાજસાહેબએ આરાધના કરાવી ભાવિકજનોને ધન્ય ધર્મલાભ આપ્યો હતો.

# ભુજની ઐતિહાસિક ભૂમિ પર દાદા સાહેબ મહારાજ સાહેબ ગુરૂમંદિરની પ્રતિષ્ઠા પ્રસંગનું આમંત્રણ

કચ્છની પાવન ધરાના પાટનગર ભુજની ઐતિહાસિક ભૂમિ પર જંગમ યુગપ્રધાન અનેક નૃપ પ્રતિબોધક દાદાસાહેબ કલ્યાણસાગરસૂરિશ્વરજી મ.સા.ની ગુરૂમંદિરની ભવ્ય પ્રતિષ્ઠા અજોડ શાસનપ્રભાવક ૨૧મા વર્ષીતપના તપોનિધિ, સૂરિમંત્ર પંચ પ્રસ્થાન સાધક પ.પૂ.આ.ભ.શ્રી કવિન્દ્રસાગરસૂરીશ્વરજી મ.સા.ની પાવનકારી નિશ્રામાં તા.૧૩ ડિસેમ્બર સોમવારના થશે. તા.૧૧ ડિસેમ્બર શનિવાર, તા.૧૨ ડિસે. રવિવાર અને તા.૧૩ ડિસેમ્બર સોમવારના ત્રણ દિવસનો ત્રિદિવસીય મહાઉત્સવમાં ધર્મભાવ સાથે સૌ સહભાગ લે એનું આમંત્રણ શ્રી જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક અચલગચ્છ સંઘ ભુજ દ્વારા ભાવપૂર્વક અપાયું છે.

# પારોલા તીર્થે સિધ્ધાચલ પટ દર્શન ૧૦૮ ખમાસણા આરાધના થઈ







ખાનદેશ પ્રાંતના પારોલા તીર્થ સંઘમાં બિરાજમાન પ.પૂ.સાધ્વીશ્રી સંયમગુણાશ્રીજી મ.સા. આદિ ઠાણા ૪ની પાવન નિશ્રામાં કારતક સુદ શુધ્ધ પૂનમ દિન ગુરૂવાર તા.૧૮ નવેમ્બર સવારે ૯ કલાકે વ્યાખ્યાન બાદ ૧૦ કલાકે સિધ્ધાચલ પર દર્શન ૧૦૮ ખમાસણા આરાધના પ.પૂ.ગુરૂભગવંતો અને સંઘના ભાવિક શ્રાવક શ્રાવિકાઓએ ભાવ સભર રીતે સંપન્ન કરી હતી.

# કચ્છના રાયધરજર નગરે શંત્રુજય મહાતીર્થની આરાધના થઈ

કચ્છ પ્રદેશના અબડાસા તાલુકાના રાયધરજર નગરના ૨૩૩ વર્ષના પૌરાણિક જિનાલય જે જૂના મૂળ સ્વરૂપે જ આજે પણ ભવ્ય રીતે ઊભું છે. ગામ નાનું છે, અને ચાતુર્માસ પણ જવલ્લે જ પ્રાપ્ત થાય છે. પણ દરેક પર્વ તિથિએ યોગ્ય ઉજવણી, અદ્‌ભૂત ભાવ અને ધર્મમય માહોલમાં થાય છે. તે જ પ્રમાણે તા.૧૮ નવેમ્બર ગુરૂવારના કાર્તિકી પૂનમ પર્વની તિથિ દિને શંત્રુજય મહાતીર્થની આરાધના થઈ.





# યવતમાલ સંઘમાં કાર્તિક પૂર્ણિમા દિને ૧૦૮ ખમાસણા સહ શંત્રુજય પટ દર્શનની આરાધના થઈ

તા.૧૮ નવેમ્બર ગુરૂવારના શ્રી જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક શ્રી સંઘ કેસરીયા ભવન યવતમાળ ખાતે કાર્તિક પૂર્ણિમા પર્વ દિને ધર્મભાવ સાથે ૧૦૮ ખમાસણા અને શંત્રુજય પટ દર્શનની ધર્મ આરાધના ભાવપૂર્વક થઈ.

# કેરળ પ્રાંતના બડગરા નગર સંઘમાં કાર્તિક પૂર્ણિમાની આરાધના થઈ





તા.૧૮ નવેમ્બર ગુરૂવાર દિને કાર્તિક પૂર્ણિમાના પર્વ પ્રસંગે અદ્‌ભૂત ભાવ સાથે ૧૦૮ ખમાસણા સહ શંત્રુજ્ય પટ દર્શનની આરાધના થઈ. સંઘના શ્રાવક શ્રાવિકાઓ આ પ્રસંગે ધર્મલાભ લીધો હતો.

# ભાંડુપ સંઘમાં ૧૬૦ ભાવિકજનોએ ૫ કિ.મી. પગપાળા ચાલી ગુરૂદેવને ભાવપૂર્વક વિદાય આપી

પ.પૂ.ગુરૂદેવ શ્રી ઉદયરત્નસાગરજી મ.સા. તથા યુવા મુનિ પ.પૂ.શ્રી ગુણવલ્લભસાગરજી મ.સા.ની ૬-૬ માસની ભાંડુપ સંઘમાં સ્થિરતા પૂર્ણ કરી તા.૨૦ નવેમ્બર શનિવાર રોજે પવઈ પધાર્યા લગભગ ૧૬૦ ભાવિકજનોએ ગુરૂદેવ સંગે ૫ કિ.મી. પગપાળા ચાલી સેવા લાભ લીધો. રસ્તામાં પાંચ જિનાલયોની સ્પર્શના પૂર્વક પંચતિર્થી યાત્રાનો ધર્મભાવપૂર્વક લાભ લીધો હતો.

પદયાત્રાના ભાગ્યશાળી બધા યાત્રિકોનો રૂ.૨૪૦ થી સંઘપૂજન થયું. યુવા મુનિરાજ શ્રીગુણવલ્લભસાગરજી મ.સા.એ પોતાના પ્રવચનમાં આજે યુવાઓને વિહાર સેવા ગ્રુપમાં જોડાવવાનું આવહાન કર્યું એ દ્વારા ધર્મ સેવા કરવાની સલાહ સમજણ આપી હતી. ગુરૂદેવનો પ્રથમ વિહાર આમ બહુ જ શાનદાર અને શાંતાપૂર્વક પૂર્ણ થયું. ગુરૂદેવ તા.૨૧ નવેમ્બર રવિવારના સવારે ગોરેગામ સંઘ પહોંચશે.

# તિરૂપુર નગર સંઘના સુવિધિનાથ જૈન મંદિરમાં કાર્તિકી પૂર્ણિમા દિને ખમાસણા વંદન કરાયા

તા.૧૮ નવેમ્બર ગુરૂવારના રોજ કાર્તિકી પુનમ દિવસે સવારે ૧૦ કલાકે ધર્મ આરાધના સાથે ખમાસણા વંદન કરાયા. સંઘની બહેનો આ પ્રસંગે ઉપસ્થિત રહી ધર્મ લાભ લીધો હતો.



# ભાંડુપ સંઘમાં ચાતુર્માસ પરિવર્તનમાં વાજતે ગાજતે આગમ શોભાયાત્રા યોજાઈ



તા.૧૯ નવેમ્બર શુક્રવારના ભાંડુપ નગર સંઘમાં ઐતિહાસિક ચાતુર્માસ પરિવર્તન પ.પૂ.ગુરૂદેવ સાધના સમ્રાટ ધ્યાન યોગી શ્રી ઉદયરત્નસાગરજી મ.સા. અને યુવા મુનિ પ.પૂ. શ્રી ગુણવલ્લભસાગરજી મ.સા.ની શુભનિશ્રામાં હજારો ભાંડુપવાસીઓ ઉમટ્યા હતા. બેન્ડ પાર્ટી ઢોલ શરણાઈ, બગી સાથે ૪૫ આગમ શોભાયાત્રા ધામધૂમથી સંપન્ન થઈ.

# મૂળ વતન કોઠારા ગામે દિક્ષાર્થી મુમુક્ષુ અજેશકુમાર મુનવરનો વાજતે ગાજતે વર્ષીદાનનો વરઘોડો નીકળ્યો





મૂળ વતન કોઠારા ગામના દીક્ષાર્થી મુમુક્ષુ અજેશકુમાર પ્રબોધકુમાર હીરાચંદ મુનવરની દીક્ષા નિમિત્તે કોઠારા ગામે વર્ષી દાનનો વરઘોડો વાજતે ગાજતે નીકળ્યો હતો. શ્રાવિકાઓ તેમજ ગામજનો ઉત્સાહના ભાવ સાથે શોભાયાત્રાના વરઘોડામાં જોડાયા હતા.

# તિરૂપુર નગરમાં યોજાયેલ બ્લડ ડોનેશન કેમ્પમાં ૬૯મી વખત સતિષ નાગડાએ બ્લડ ડોનેટ કર્યું



તિરૂપુર નગરમાં સિડકો વિસ્તારની પ્રાચી એક્ષ્પોર્ટ મિટીંગ ડિવીઝનમાં બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન થયું. જેના પ્રથમ રક્તદાતા તરીકે પ્રાચી એક્ષ્પોર્ટના હાર્દિક છેડા રક્તદાન કરી કેમ્પનું ઉદ્‌ઘાટન કર્યું હતું. એસએમઆર સતિષ નાગડાએ સતત ૬૯મી વખત બ્લડ ડોનેટ કરી સમાજ પ્રત્યેની સમર્પણ ભાવના દાખવી હતી. દરેક રક્તદાતાઓને પ્રશસ્તિ પત્ર અપાયા હતા. સવારે અલ્પાહાર અને બપોરે જમવાની વ્યવસ્થા પણ સૌ માટે સુચારૂ પણે કરાઈ હતી. બ્લડ ડોનેશ કેમ્પ ડ્રાઈવનું સુવ્યવસ્થિત પણે આયોજન વ્યવસ્થા મુયરાચી મક્કલઅમીયપુના સેક્રેટરી સતિષ એચ.નાગડા અને પરમશિવમએ જહેમતપૂર્વક સંભાળી હતી.

# ભુજ સંઘના આંગણે ચાતુર્માસ પરિવર્તન અવસરે ચતુર્દશાન્હિકા પ્રભુ ભક્તિમય મહા મહોત્સવનું દીપ પ્રાગટ્ય કરી પ્રારંભ કરાયો







કચ્છના ઐતિહાસિક પાટનગર ભુજ શહેરના આંગણે વિશ્વ વાર્લેવિર વીર વિભુની વાટે વિચરવા થનમનતા મુમુક્ષુ શ્રી વંદનકુમાર સુનિલભાઈ કારાણી એવમ મુમુક્ષુશ્રી અજેશભાઈ પ્રબોધભાઈ હીરાચંદ મુનવરના પ્રવજ્યા પ્રદાનના અવસરે અજોડ શાસન પ્રભાવક, સૂરિમંત્ર સમારાધક, ૨૧મા વરસી તપારાધક તપોમૂર્તિ પ.પૂ.આ.ભ.શ્રી કવીન્દ્રસાગરસૂરીશ્વરજી મ.સા. અને પ.પૂ.મુનીશ્રી રાજરત્નસાગરસૂરીશ્વરજી મ.સા. આદિ ઠાણાની નિશ્રામાં તા.૧૯ નવેમ્બર શુક્રવારના રોજે ચાતુર્માસ પરિવર્તન પ્રસંગે ચતુર્દશાન્હિકા પ્રભુ ભક્તિમય મહામહોત્સવનું સકળ ચતુર્વિદે સંઘની હાજરીમાં દીપ પ્રાગટ્ય કરી સંઘ તેમજ સમાજના અગ્રણીઓએ પ્રારંભ કરાવ્યો હતો.

# ગોરેગામ સંઘમાં અંજન શલાકા-પ્રતિષ્ઠા મહોત્સવ ગણીવર્ય પદવી તથા દિક્ષા મહોત્સવ પ્રારંભે વિવિધ ધર્મકાર્યો થયા







શ્રી ગોરેગામ (વેસ્ટ) અચલગચ્છ શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘના આંગણે શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ ભગવાનનો અંજનશલાકા, પ્રતિષ્ઠા મહોત્સવ, મુનિ ભગવંતોની ગણીવર્ય પદવી તથા મુમુક્ષોનો દીક્ષા મહોત્સવના પ્રથમ દિવસ તા.૧૭ નવેમ્બર બુધવાર દિને જલયાત્રા વિધાન કુંભ સ્થાપના, અખંડ દીપક સ્થાપના તેમજ જવારારોપણના કાર્યક્રમો કરી ધર્મ આરાધના અઢળક ધર્મભાવથી થઈ હતી.

# પારોલા સંઘમાં સાધ્વી મહારાજ સાહેબનો ભાવપૂર્વક ચાતુર્માસ પરિવર્તન








ખાનદેશ પ્રાંતના ધર્મમય નગર પારોલા નગર સંઘમાં બિરાજમાન પ.પૂ.સાધ્વીશ્રી સંયમગુણાશ્રીજી મ.સા. આદિ ઠાણા ૪નો ચાતુર્માસ પરિવર્તન ભવ્ય ભાવથી શેઠશ્રી ઉમેદભાઈ હરકિશનદાસ ધંધુકિયા પરિવારના આવાસ સ્થાન નવા શાંતિ સમય નિકેતન નિવાસમાં થયું છે. ગુરૂ ભગવંતોની નિશ્રાઓના નિવાસ સ્થાને છે.

# ભાવભીની શ્રદ્ધાંજલિ



**મણીબાઈ મોમાયા**
તા.૧૬ નવે. (ઉ.૮૧)
સાંયરા-મુલુંડ



**શાંતિલાલ ગાલા**
તા.૧૮ નવે. (ઉ.૬૬)
તેરા-વડોદરા



**પ્રીયાબેન નાગડા**
તા.૧૮ નવે. (ઉ.૭૯)
નલિયા-સાંતાક્રુઝ



**હંસાબેન ધુલ્લા**
તા.૧૯ નવે. (ઉ.૫૯)
સુથરી-થાણા



**જ્યોત્સના દંડ**
તા.૧૯ નવે. (ઉ.૬૬)
તેરા-નાલાસોપારા



**નિલેશ લોડાયા**
તા.૧૯ નવે. (ઉ.૪૯)
જખૌ-અમલનેર

**આ કોલમમાં આપના કુટુંબીજનોને આપ વિનામૂલ્યે શ્રદ્ધાંજલિ આપી શકશો. વિગતમાં આપ નામ, ફોટો, ઉંમર અને હાલ વસવાટની વિગત વિનામૂલ્યે આપવામાં આવશે.**



# વતનજા વાવડ ...

– સં. રાજન ચંદે 'ધૂની'

● કોરોના કાળમાં ઓટ આવ્યા પછી અબડાસાના ગામડાઓમાં નવરાત્રિ પર્વ ભાવિકો તેમાંય ભાનુશાલી જ્ઞાતિની વસતીવાળા ગામોમાં દેશાવરથી પોતાના માદરે વતનમાં માઈ ભક્તોનું ઘોડાપુર ઊમટ્યું હતું. ૪૦ જેટલા ગામોમાં ૧૮ થી ૨૦ હજાર ભાવિકો ભાનુશાલી જ્ઞાતિજનો પોતાના વતન ગામમાં આવતા ગામોમાં ધમધમાટ વધી ગયો હતો. માતા મઢ ખાતે છેલ્લા ૩૧ વર્ષથી નવરાત્રિ દરમ્યાન અન્ન પ્રસાદની વ્યવસ્થાના મુખ્યદાતા શિરવાના કનૈયાલાલ કટારિયાનું સન્માન દેશ મહાજન દ્વારા સન્માન કરાયું હતું.

● ઈન્ડિયન રેડ ક્રોસ સોસાયટીની મેનેજિંગ કમિટીમાં સૌથી વધારે ૨૨માંથી ૧૯ મત મેળવી ગુજરાત રેડ ક્રોસના ચેરમેનપદે ડૉ. ભાવેશ આચાર્ય ચૂંટાયા છે. વર્ષ ૨૦૧૭માં સૌથી વધારે મત મેળવી મેનેજિંગ કમિટીના સભ્ય બનનાર ડૉ. ભાવેશ આચાર્ય એ ગત વર્ષે દેશની શ્રેષ્ઠ રાજ્ય શાખા તરીકે પ્રથમ સ્થાને રહી રૂા.૫૦ લાખનું ઈનામ મેળવ્યું હતું અને ડૉ.ભાવેશ આચાર્યને દેશના શ્રેષ્ઠ કાર્યકર તરીકે રાષ્ટ્રપતિ દ્વારા સન્માનિત થયા હતા. ઈન્ડિયન રેડ ક્રોસ સોસાયટીના ચેરમેન તરીકે દેશના આરોગ્ય મંત્રી મનસુખભાઈ માંડવીઆ અને પ્રમુખ તરીકે રાષ્ટ્રપતિ રામનાથ કોવિંડ કામગીરી સંભાળે છે.

● મેરૂ, મરૂ અને મહેરામણની ભૂમિ શૂરા, સંત અને દાતાઓની જનની છે. મૂળ કચ્છ ફોટડીના હાલે મોમ્બાસા વસવાટ કરતાં હસમુખભાઈ ભુડિયા દેશ વિદેશમાં પ્રતિવર્ષ ૫૦૦ કરોડ રૂપિયાની સખાવત કરનારા દાનવીર બન્યા છે. જે કચ્છીઓ માટે એક ઈતિહાસ છે. આ દાન સ્વજ્ઞાતિય સાથે સાર્વજનિક એવા બંને માટે અપાઈ રહ્યું છે.

● સાત રનમાં છ વિકેટ આ ટી-૨૦ ઈન્ટરનેશનલમાં સૌથી શ્રેષ્ઠ બૉલિંગનો વિક્રમ ભારતના ઝડપી બોલર દીપક ચહરના નામે હતો. હવે આ રેકોર્ડની બરોબરી મૂળ મોટી વિરાણીના ખેલાડી અને યુગાન્ડા વતીથી આઈસીસી ટી-૨૦ વર્લ્ડ કપ મેચમાં ક્વોલિફાયર મેચમાં લેસોથો સામે આ પરાક્રમ કર્યું હતું.

● કચ્છ અને કસબ એકબીજાના પર્યાયી છે. જિલ્લાની ધરોહર અને કલાની પંચતીર્થી તરીકે જાણીતા નિરોણાની પાંચ એ હસ્તકલાઓને સાંકળી કચ્છની ક્રાંતિગુરૂ શ્યામજી કૃષ્ણ વર્મા યુનિવર્સિટીના છાત્રો કલા અંગે સંશોધનાત્મક પ્રોજેક્ટની કામગીરી હાથ ધરી કારીગરોને પ્રોત્સાહન પૂરું પાડશે. તેવું વડોદરાની યુનિવર્સીટીના છાત્રો દ્વારા અગાઉ હાથ ધરાયેલ કલા પ્રોજેક્ટની ડોક્યુમેન્ટરી ફિલ્મ, પુસ્તક અને પ્રચાર પ્રસાર માટે તૈયાર કરાયેલી સામગ્રી કસબીઓ અને ગ્રામજનોને અર્પણ કરતા કચ્છ યુનિવર્સિટીના કુલપતિ જે.ડી.જાડેજાએ જણાવ્યું હતું.

● આત્મનિર્ભર ભારતે કોવિડ-૧૯ સામે સ્વદેશી રસીના ૧૦૦ કરોડ ડોઝ આપવાની સિધ્ધિ મેળવી જેની સર્વત્ર જબરદસ્ત ઉજવણી થઈ. ગુજરાતમાં પણ ૯૦% પ્રથમ ડોઝ અપાઈ ચૂક્યા છે. ત્યારે કચ્છમાં પ્રથમ ડોઝ ૮૫.૫૫% જ્યારે બંન્ને ડોઝ મેળવનાર ૪૪.૧૦% લોકો છે. કુલ ૨૦.૫૦ લાખ ડોઝ અપાયા છે.

● રાજ્યના યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ દ્વારા છેલ્લાં ચાર દાયકાથી સાહસિક પ્રવાસ આપણી સરહદો ઓળખોનું આયોજન કરાય છે. રાજ્યભરમાંથી ૧૫ થી ૩૫ વર્ષના વયના ૨૦૦ જેટલા યુવાનો આ પ્રવાસમાં જોડાઈ કચ્છની સરહદને ઓળખે તેવું પ્રયોજન હોય છે. આ પ્રવાસનો હેતુ યુવાનોમાં સાહસવૃત્તિ કેળવાય, સૈન્યમાં જોડાવા યુવાનો પ્રેરાય, સરહદ પર રાષ્ટ્રની રક્ષા કરતા જવાનોની જિંદગીથી અવગત થાય તે હોય છે.


DON'T
Compromise!
"HEALTH INSURANCE"
Portability Benefits Available
COMPARE, SCRUTINIZE & DECIDE
Karani
: For Details Contact Us :
YASHODHAN KARANI 98211 37737
DEEPAK KARANI 98210 82664
DEEPAK MOMAYA 93233 44737
KALPESH LODAYA 93248 33133
☑ Global Cover
☑ No Room Rent Restrictions
☑ Consumables Benefit Cover
☑ Maternity Cover
☑ Emergency Air Ambulance
☑ OPD Dental Treatment Upto 10000/-
☑ OPD Treatment Upto 5000/-
☑ 60 Days-Pre & 90Days Post Hospitalisation
☑ Road Ambulance 5000 per Hospitalisation
☑ Compassionate Travel Upto 20000
☑ High End Diagnostic upto 25000
☑ Bariatric Surgery Cover
☑ No Claim Bonus 50% every year upto 100%
☑ Long Term Policy Discount 10% for 3 yrs Policy
*T & C APPLY
insurancekhoj.com™
the ultimate stop for insurance™
#404, BPS PLAZA, DEVI DAYAL ROAD, MULUND (W), MUMBAI - 400080.
90049 99900 / 93221 37737 79771 01415 insurancekhoj@gmail.com
LOCATIONS : GUJARAT | MAHARASHTRA | MADHYA PRADESH | KARNATAKA